# વીધુરવ્યથા

–પ્રવીણકાન્ત શાસ્ત્રી

એક એઈટી પ્લસ વયસ્ક વડીલે મને નામથી બોલાવ્યો અને મારી સામે આવીને બેઠા. હું એમને ઓળખી ન શક્યો. મારે એમને કહેવું પડ્યું ‘સોરી, સાહેબ, ઓળખાણ ન પડી. હમણાં હમણાં જરા ભુલી જવાય છે.’

‘સાહેબ, સાહેબ શું કરો છો? હું સુરેશ ચોકસી, તમારો સુરીયો! આપણે એપાર્ટમેન્ટમાં બાજુબાજુમાં આટલો સમય રહ્યા, સાથે ખાધુંપીધું તે બધું જ પાણીમાં?’

‘ઓહ! સુરેશભાઈ તમે? તમે તમારો ચકલો આટલો બધો બદલી નાંખ્યો તે ન જ ઓળખાવને? મારે તો તમારા ચરણસ્પર્શ કરવા પડે એવા થઈ ગયા છો. કેટલાં વર્ષે મળ્યા!’

મારા કરતાં પણ સુરેશ ચાર વર્ષ નાનો. સેવન્ટીઝમાં અમેરીકામાં અમારી જીન્દગી એક સાથે એપાર્ટમેન્ટમાં શરુ થઈ હતી. થોડો સમય એક જ લૅબમાં કામ પણ કર્યું હતું. એમને બે નાના દીકરા અને એક દીકરી. તક મળતાં સ્માર્ટ અને ઉત્સાહી સુરેશ, કંપની અને સ્ટેટ બદલતો બદલતો, આગળ વધતો જ ગયો. અમારો સમ્પર્ક સદન્તર જ તુટી ગયો હતો. સાંભળવા મળ્યું હતું કે પેન્સીલ્વેનીયામાં સ્થાયી થયો છે. ત્યાર પછી મળવાનું પણ થયું જ ન હતું. અમારું જીવન વહેતું રહ્યું હતું.

ઓક ટ્રી પરની એક રેસ્ટોરંટમાં હું બેઠો હતો. મારી સામે આવીને સુરેશ બેઠો. એનો દેખાવ જ એવો હતો કે હું એને ‘સુરીયો’ તો શું; પણ ‘સુરેશ’નો તુંકારો પણ ન કરી શક્યો. લગભગ ચાળીસ વર્ષ પછી મેં એને જોયો.

‘સરલાબહેન ક્યાં છે? એને એકલાં મુકીને ક્યાં રખડવા માંડ્યું, તમે?”

‘સરલા જ મને રખડતો મુકીને ઉપર ચાલી ગઈ!’

‘ઓહ, આઈ એમ સો સોરી? શું થયું હતું?’

‘કેન્સર, લીવર ટ્યુમર.’

સરલાબહેન. મીઠો સ્નેહાળ સ્વભાવ. હું ટીખળ કરું તોયે મને મોટા તરીકે આદર આપે. હસતાં જ રહે. બાળકો માટે ‘પ્રાઉડ મધર’. પતી માટે ‘પ્રેમાળ પત્ની.’

‘કેટલો સમય થયો?’

‘ચાર વર્ષ થયાં. હું તો સાવ એકલો પડી ગયો છું.’

‘નરેશ, મનીષ, પ્રીયંકા?’ મેં એમનાં સન્તાનો વીશે પુછ્યું.

‘નરેશ કાર્ડીયોલૉજીસ્ટ છે, કેલીફોર્નીયામાં સેટલ થયો છે. અમેરીકન નર્સને પરણ્યો છે. બે દીકરી છે. મનીષ અને પ્રીયંકા ઈન્ડીયનને જ પરણ્યાં છે. મનીષનો બીઝનેસ છે. ફ્લોરીડામાં સેટ થયો છે. બધાં જ પોતપોતાની રીતે બહુ સુખી છે. પ્રીયંકા શીકાગોમાં છે. સારી જૉબ છે. જમાઈ પણ સારો છે.’

‘તમારું કેમનું છે?’

‘હું તો છું ત્યાંનો ત્યાં જ છું! ન્યુ જર્સી જ દ્વારકા અને પંઢરપુર. દીકરાની સાથે જ રહું છું.’

‘સુરેશભાઈ, સન્તાનોનો સુખી સંસાર તો છે, પછી એકલા શેના? શું કાંઈ પ્રોબ્લેમ છે? છોકરાઓ તમને રાખતા નથી?’

‘એવું તો કેમ કહેવાય? સરલા ગઈ પછી મોટાએ તો કહ્યું હતું – થોડો સમય રહેવાય એમ આવજો.

‘હા, કહ્યું હતું; પણ ‘થોડો સમય.

‘હું થોડો સમય રહ્યો પણ ખરો. ઘરમાં બધા જ એમનાં કામમાં હોય. આપણે માટે એ કાંઈ નવી વાત થોડી છે કે કોઈએ સમજાવવી પડે? પણ દીકરાની જીવનશૈલી મારાથી તદ્દન જુદી. અમેરીકન ‘નેની’ રાંધે તે ખાવાનું. ગુજરાતી ખાવાનું તો ભુલાઈ જ ગયું! મેં તો જૉબ હતી ત્યારે બધું જ ખાધું–પીધું છે. પણ રીટાયર્ડ થયા પછી ઘરમાં તો દાળ–ભાત, રોટલી, શાક ખાવાની ટેવ પડી ગયેલી. સરલા રોજ ગરમાગરમ રોટલી બનાવતી. એક પણ દીવસ રુચી મુજબ ખાવા જ ન મળે. ડૉટર–ઈન–લો હૉસ્પીટલમાં નર્સ. બીચારી થાકીને આવે. હૉસ્પીટલના દર્દીને જેમ ‘હલ્લો, હાય’ કરે; તેમ જ મને પણ કરે. બસ, એટલું જ. દીકરીઓ સાથે બીઝીને બીઝી રહે. આપણે યુવાન

હતાં ત્યારે આપણી હાલત પણ એવી જ હતીને ? એની બીચારી પાસે આનાથી વધુ  આશા પણ શી રખાય?

‘દીકરો ઘરે આવે. હું એની રાહ જોઈને બેઠો હોઉં કે બે ઘડી એની સાથે બેસીને વાત કરું; પણ બીચારાને સમય જ નથી. આવીને સીધો એના ડૉગ સાથે રમવા માંડે. એને મારા પહેલાં એનો ‘ડૉગ’! એને વૉક કરવા લઈ જાય, સાથે દોડે. બન્નેને એક્સરસાઈઝ તો જોઈએ જ ને! તમે અને મેં અમેરીકામાં નોકરી કરી છે. આપણે બધું જ જાણીએ સમજીએ છીએ; પણ હવે એ પચતું નથી.

‘એકલતા સહન થતી નથી અને ટોળામાં ભળાતું નથી. સરલા વગર જીવાતું નથી. આપણે કંઈ અમેરીકામાં નવા આવેલાં પરાવલંબી ડોસાઓ થોડા છીએ? આપણે આ દેશમાં નવા નથી. આ કલ્ચર આઘાતજનક ના લાગવું જોઈએ; પણ પોતાના જ લોહી સાથે પરાયાપણું લાગે એ સહન થતું નથી. બીજું કોઈ પણ દુ:ખ નથી; પણ પોતાપણાની ઉષ્માનો અભાવ સાલે છે.

‘એવું જ મનીષને ત્યાં. એની સાસુ એની સાથે રહે. ઘરમાં એનું જ વર્ચસ્વ. હું પોતાને ઘેર નહીં; પણ દીકરાની સાસુને ઘેર અણગમતો મહેમાન હોઉં, એવું જ લાગ્યા કરે છે! એને ત્યાં મને ન ફાવે. બાકી મનીષ ક્યાં ના પાડે છે? બધી જ રીતે સુખ છે; પણ એ સુખનો મને સ્પર્શ જ નથી થતો.

‘અને દીકરીને ત્યાં પણ કેટલો સમય રહેવાય? બસ, એકલો છું. પાસે પૈસા છે. જરુર કરતાં વધારે છે. દીકરાઓને પણ મારા પૈસાની જરુર નથી. કહે : ડેડી, અમારે માટે સાચવવા કે બચાવવાની જરુર નથી. મોજથી ફરો–હરો, વાપરો. એક રાંધવાવાળી બાઈ રાખી લો. સરસ જગ્યાનું ટીફીન બાંધી લો.

‘નરેશની વાઈફ અમેરીકન છે. તે તો કહેતી હતી : ‘ડેડી, યુ આર યંગ. યુ શુડ રી–મેરી.’ પણ કોઈ એમ કહેતું નથી : ડેડી, બસ, અમને તમારા વગર નથી ગમતું. તમે બધું છોડી અમારી સાથે જ રહેવા આવી જાઓ.

‘હું મારી જાતને સમજી શક્યો નથી, કે હું શું ઈચ્છું છું. પૈસા છે એટલે મીત્રો જાતજાતની સલાહ આપે છે. આમ કરો, તેમ કરો; પણ હું કન્ફ્યુઝ છું. દમ્પતીમીત્રો લાગણીપુર્વક બોલાવે છે. તેઓ મારા પ્રત્યે સહાનુભુતી દાખવે છે; પણ એ સહાનુભુતી પણ કઠે છે. એમની સહાનુભુતી જ મને તેમનાથી–ટોળામાંથી જુદો તારવે છે. જ્યારે સુખી કુટુમ્બને જોઉં છું ત્યારે એક બળતરા થાય

છે. હું એકલો છું. મારી સરલા હયાત હોત, તો હું પણ મીત્રો જે આનંદ કરે છે તે હસી–માણી શક્યો હોત. દર એક મહીને એક વર્ષ જેટલો ઘરડો થતો જાઉં છું.

'લોકો મને સલાહ આપે છે. તમે મારા વડીલ છો; પણ આજે હું તમને સલાહ આપું છું. અત્યારની તમારી લાઈફ કેવી છે તે હું નથી જાણતો; પણ જો દીકરા સાથે છો, તો સુખેદુ:ખે દીકરા સાથે જ રહેજો. એક વાર છુટા થયા પછી ફરી સાથે રહેવાનું મુશ્કેલ બની જશે. 'બે'માંથી 'એક' થશો, ત્યારે મારા જેવી મનોયાતના ના ભોગવવી પડે.

'મારે તો મારા આખરી દીવસમાં મારું કુટુમ્બ જોઈએ છે. જો હું પહેલાં મર્યો હોત તો સરલા તો સુખેદુ:ખે પણ, એક દીકરા સાથે ગોઠવાઈ ગઈ હોત. મારાથી નથી થવાતું. મહીલાના 'વૈધવ્ય' કરતાં પુરુષની 'વીધુરતા' જુદી જ હોય છે. શા માટે બધાએ સરલાને 'સૌભાગ્યવતી ભવ'ના આશીર્વાદ આપ્યા હતા? સરલા તો સૌભાગ્યવતી જ ગઈ; પણ મને રઝળતો મુકીને..'

સજળ આંખે સુરેશે કહ્યું, 'મારા મનના દુઃખ માટે હું જ જવાબદાર છું. આવતા સન્ડે શીકાગો જવાનો છું. થોડા દીવસ દીકરી સાથે રહીશ. પછી મોટાને ત્યાં જઈશ. એ તો બોલાવે છે; પણ મને જ ગોઠતું નથી.'

હું સુરેશને કોઈ આશ્વાસન આપી ન શક્યો. માત્ર એના માથા પર હાથ ફેરવ્યા કર્યો. એ જેમની સાથે આવ્યો હતો, તેઓ આવી પહોંચ્યા. ફીક્કું હસીને આંખો લુંછીને એ ચાલી નીકળ્યો.

શું આ હાલત માત્ર સુરેશની જ છે કે? શું આ માત્ર 'અમેરીકાના ગુજરાતી વીધુર'ની જ વાત છે કે? શું દરેક સન્તાન એમના બાપને હડધુત કરે છે? આ પરીસ્થીતીમાં ક્યાં, કોનો અને કેટલો વાંક કાઢી શકાય એમ છે? આ કોઈ શારીરીક કે આર્થીક રીતે નીઃસહાય વીધુર-વીધવાની વાત નથી. આધેડવયની સીમા પર પહોંચેલી દરેક વ્યક્તીએ પોતાના ભાવીજીવનનો ચીતાર અત્યારે જ કલ્પીને માનસીક તૈયારી રાખવાની જરુર છે.

એને કેમ કરીને કહું કે : ભાઈ, લાંબી 'બેકલતા' પછી ક્યારેક ને ક્યારેક તો 'એકલતા' આવે જ છે–પતીને કે પત્નીને. જેમ બન્ને સાથે જનમ્યાં નહોતાં, તેમ સાથે જ જઈશું, એવું થોડું બનવાનું છે?

માટે એકલતાને જીરવવા વીધુરે **‘ચાલશે, ફાવશે, ગમશે, ભાવશે’**ની નીતી અપનાવ્યે જ છુટકો !

–પ્રવીણકાન્ત શાસ્ત્રી

**સર્જકસમ્પર્ક :**

PRAVINKANT M. SHASTRI
6-SAVERIA COURT,
HOWELL - NJ - 07731 - USA Phone : 01-732-804-8045
eMail : shastripravinkant@gmail.com Website : https://pravinshastri.wordpress.com/

## સર્જકનું સર્જન :

**‘શ્વેતા’** અમેરીકાના પ્રસીદ્ધ ગુજરાતી માસીક **‘ગુજરાત દર્પણ’**માં ધારાવાહીક રીતે પ્રકાશીત થયેલી, અમેરીકાની રંગીન જીવનશૈલીને ઉજાગર કરતી, સર્જકની **પ્રથમ નવલકથા** **‘શ્વેતા’** (પ્રથમ આવૃત્તી : 2011; પ્રકાશક : લેખક પોતે; ટાઈપસેટીંગ અને મુદ્રક : ચીન્મય જોશી, શ્રી રંગ પ્રીન્ટર્સ, સુરત. તેની ઈ.આવૃત્તીનું પ્રકાશન : 2017માં થયું, જે તમે મફ્ફત ડાઉનલોડ કરી શકો છો, વાંચવા અને ગમે તો મીત્રોને તેની નીઃશુલ્ક લહાણ કરવા નીચેની લીંક પરથી તે મળશે :

https://pravinshastri.files.wordpress.com/2017/07/e0aab6e0ab8de0aab5e0ab87e0aaa4e0aabe_e0aba9.pdf

..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: ચૌદમું – અંક: 419 –February 03, 2019
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,60,16,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,19,17,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 10,58,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 12,71,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ
હોય તો, તમારું નામ, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..
તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ દર પંદર દીવસે
આવી એક મેલ સાથે પીડીએફમાં મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@